INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૮૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૫-૧૦-૨૦૨૪**

- **રાજ્યમાં આઠ મહાનગરો સહિત વિવિધ શહેરોની આવાસ યોજનાઓમાં મોટા પાયે અંધેર વહિવટ, નબળા બાંધકામ માટે ભાજપા શાસકોની કટકી, કમીશન, કોન્ટ્રાક્ટની નીતિ જવાબદાર**
- **'સપનાનું ઘર' હવે રહીશો માટે 'સમસ્યાનું ઘર' બની ગયુઃ કરોડો રૂપિયાના ખર્ચે બનેલી આવાસ યોજનાઓ પાંચ થી દસ વર્ષમાં ખંડેર બની રહી છે.**
- **આવાસ યોજનાઓમાં આફતોનો વરસાદ, ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા સામે ફોજદારી ગુન્હો દાખલ કરવામાં આવે.**

રાજ્યમાં આઠ મહાનગરો સહિત વિવિધ શહેરોની આવાસ યોજનાઓમાં મોટા પાયે અંધેર વહિવટ, નબળા બાંધકામ માટે ભાજપા શાસકોની કટકી, કમીશન, કોન્ટ્રાક્ટની નીતિ જવાબદાર હોવાના આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઘરનું ઘર મળે તેવા હેતુથી શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજનામાં ગરીબ અને સામાન્ય વર્ગના લોકો માટે આશિર્વાદરૂપ થવાને બદલે ભ્રષ્ટાચારના કારણે આ આવાસ યોજનાના મકાનોની ગુણવત્તા સામે અનેક સવાલો ઉઠી રહ્યાં છે. પોરબંદરમાં પોરબંદર ખાતે આવેલ 2448 આવાસ જે કોંગ્રેસની સરકારમાં મંજુર કરવામાં આવ્યાં હતાં તે આવાસો સંપૂર્ણપણે જર્જરીત થયા છે અને 10 વર્ષમાં જ ત્યાં રહેનારા પરિવારો માટે ગમે ત્યારે દુર્ઘટના સર્જાય તે હદે જર્જરીત થઈ રહ્યાં છે. કરોડો રૂપિયાના કેન્દ્ર સરકારના સહયોગથી બનેલા મકાનોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે છતાં મુખ્યમંત્રી કે અન્ય સત્તાધીશો નાગરિકોની ફરિયાદો સાંભળવા તૈયાર નથી.

ભાવનગરના ફુલસર પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોમાં પાયાના પ્રશ્નોના કારણે રહીશોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના સુભાષનગર વિસ્તારના હમીરજીપાર્કની બાજુમાં આવેલી ૨૫૪૮ પ્રધાનમંત્રી આવાસ યોજના બે વર્ષ પૂર્વે ગત ઓગસ્ટ-૨૦૨૨માં ફાળવવામાં આવી હતી. નાગરિકોએ મહામહેનતે અને મોટી આશા સાથે પોતાનું ઘર બનાવ્યું હોય છે પરંત માત્ર બે વર્ષના સમયગાળામાં જ આવાસ યોજનાના મકાનોની આવી દશાથી રહીશોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

પાલનપુર નજીક સદરપુર ગામે કરોડો રૂપિયાના ખર્ચે બનેલી આવાસ યોજના છેલ્લા 8 વર્ષથી ધૂળ ખાઈ રહી છે. રાજીવ આવાસ યોજનાના 1392 આવાસ પાલનપુર તાલુકાના સદરપુરા ગામની ગૌચરની જમીનમાં બનાવી દેવાયા હતા. આ જમીનમાં પાલનપુર શહેરના ગંદા પાણીનો નિકાલ કરવા માટે નીમ કરાઈ હતી. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની આ જમીન પર પાલનપુર નગરપાલિકાએ કોઈપણ જાતની મંજૂરી વગર અથવા તો હેતુફેર કર્યા વિના જ કરોડોના ખર્ચે 1392 આવાસ ઊભા કરી દીધા પરંતુ વંચિતોને લાભ મળવાને બદલે આ આવાસ અત્યારે ખંડેર હાલતમાં છે અને ધૂળ ખાઈ રહ્યા છે. રાજ્યમાં એક બાદ એક શહેરમાંથી આવાસ યોજનામાં અંધેર વહીવટના નમૂના સામે આવી રહ્યા છે.

અમદાવાદના વટવા વિસ્તારમાં આવાસ યોજનાનાં એક હજારથી વધુ મકાન વપરાયા વગર જ પડ્યા પડ્યા જર્જરિત બની ગયાં હોવાની અને મ્યુનિ. સત્તાધીશોએ પણ ચૂપચાપ તેને તોડાવી નાંખવાનુ શરૂ કરી દીધુ છે. વટવામાં મ્યુનિ.નાં વિશાળ પ્લોટમાં ૧૦-૧૨ વર્ષ અગાઉ કેન્દ્રની યુપીએ સરકારનાં જેએનયુઆરએમની કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી ગરીબ આવાસ યોજના બનાવવામાં આવી હતી. ચાર માળીયા તરીકે ઓળખાતી આ આવાસ યોજનામાં ૪૮ બ્લોક એટલે કે એક હજારથી વધુ મકાન બનાવવામાં આવ્યા હતા. એટલુ જ નહિ આવાસ યોજનાને ભૂકંપપ્રુફ અને મજબૂત બનાવવાનાં નામે પાયાથી ચાર માળ સુધી સળંગ આરસીસીનાં બ્લોક ઉભા કરાયા હતા. આ યોજના પાછળ ૨૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા હતાં.

રાજકોટમાં પણ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તૈયાર થયેલા કૂલ 128 મકાનો ધૂળ ખાઈ રહ્યા છે. 2022માં લોકાર્પણ કરી દેવાયા બાદ પણ હજુ લાભાર્થીઓને તેની ફાળવણી કરવામાં આવી નથી.

રાજકોટમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તૈયાર થયેલા 128 આવાસોનું જૂન- 2022માં લોકાર્પણ કરી દેવાયુ. પરંતુ આજ દિન સુધી આ આવાસોની તેના લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવી નથી. બે વર્ષથી તૈયાર થયેલા મકાનો હાલ ધૂળ ખાઈ રહ્યા છે અને ખંઢેર બનવાની કગાર પર છે. પરંતુ તંત્રને ના તો સરકારના પૈસાની પડી છે ના તો ગરીબ લાભાર્થીઓની કંઈ પડી છે અને તેમના ગેરવહીવટના કારણે કરોડો રૂપિયાનું આંધણ થઈ રહ્યુ છે. મોરબી શહેરમાં પણ હાઉસીંગના મકાનોમાં મોટા પાયે ગેરરીતિ અને ગોલમાલ થઈ છે.

જામનગર જર્જરિત 1404 આવાસનું ડિમોલેશન શરૂ વર્ષ 2000માં બનેલા અંધશ્રમ અટક પાસે આવેલા આવાસ ઘણા સમયથી જર્જરીત હતા. રાજકોટમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂડા દ્વારા વૃંદાવન સોસાયટીમાં 9 વિંગમાં કુલ 320 જેટલા ફ્લેટનું બાંધકામ કરવામાં આવ્યું છે. પરંતુ, કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોના પાપે નિર્માણકાર્યના માત્ર 8 જ મહિનામાં સરકાર દ્વારા આપવામાં આવેલ 'સપનાનું ઘર' હવે રહીશો માટે 'સમસ્યાનું ઘર' બની ગયું છે. મકાનોમાં પોપડા પડવા લાગ્યા છે. નબળા બાંધકામના કારણે આવાસ યોજના હેઠળની આ સોસાયટીમાં બનેલા મકાનોમાં અવારનવાર પોપડા પડી રહ્યા હોવાથી રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

સુરત મહાનગરપાલિકાએ વર્ષ 2013માં ભેસ્તાન ખાતે સરસ્વતી આવાસ બનાવ્યા હતા. આ યોજના હેઠળ 20 બિલ્ડીંગ બનાવી તેમાં 640 લાભાર્થીઓને ફ્લેટ ફાળવવામાં આવ્યા હતા. શરૂઆતથી જ બિલ્ડીંગ ની કામગીરી સામે શંકા થતી હતી. ઈજારદારનો જવાબદારીનો પિરિયડ પૂરો થાય ત્યાં સુધીમાં આવાસ જર્જરિત થઈ ગયા હતા. આ બિલ્ડીંગનો સ્લેબ પડવાના અનેક બનાવ બન્યા બાદ આવાસ રહેવા લાયક નહીં રહેતા ખાલી કરાવાયા હતા.

વડોદરાના જીવણનગરમાં BSUP આવાસમાં લોકો જીવ હાથમાં લઈને જીવી રહ્યા છે. માત્ર 10 વર્ષમાં ફાળવવામાં આવેલા મકાનો જર્જરીત, તિરાડો, પોલના દ્રશ્યો સામે આવ્યા છે.

સુરતના ભેસ્તાનના સરસ્વતી આવાસ કૌભાંડમાં હાથ કાળા કરનારાઓને શોધવા વિશેષ સમિતિએ હજુ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે ત્યાં શહેરના બીજા વિસ્તાર એટલે કે ઉમરામાં નિર્મળનગર આવાસ પણ 13 વર્ષમાં જ જર્જરિત થઈ ગયા. અઠવા ઝોનના ઉમરાગામ સ્થિત SVNIT કેમ્પસ નજીકમાં પાલિકાની વિશાળ જમીન પર નિર્મળ નગર આવાસનું નિર્માણ કરવા વર્ષ 2005માં ખાતમુહૂર્ત કરાયું હતું. આ નિર્મળ નગર આવાસ માટે કુલ 17 બિલ્ડિંગમાં 204 ફ્લેટના આયોજન સાથે શરૂ કરાયેલું નિર્માણ વર્ષ 2008માં પુર્ણ થયુ હતું. પણ માત્ર 12 વર્ષમાં અહીંના મકાનો ખખડધજ થઈ ગયા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજનાઓમાં મોટાપાયે ગોલમાલ-ગેરરીતિ, ભ્રષ્ટાચાર, જર્જરીત બાંધકામ, નબળી ગુણવત્તા અને સુવિધાનો અભાવ સહિત માત્ર પાંચ થી દસ વર્ષમાં આફતોનો વરસાદ માટે જવાબદારો સામે ફોજદારી ગુન્હો દાખલ કરવા કોંગ્રેસ પક્ષની માંગ છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા